# શાળા શિક્ષક

શિક્ષક એ એક જે શાળામાં બાળકોને માર્ગદર્શન અને કેળવણી પુરી પાડે છે. શિક્ષક બાળકોને શૈક્ષણિક અને વ્યવહારુ એમ વિવિધ વિષયોમાં જ્ઞાનથી સજ્જ કરે છે. શિક્ષક પ્રાથમિક શાળા, માધ્યમિક શાળામાં ભણાવી શકે છે. વિશેષ તાલીમ સાથે શિક્ષકો વિશેષ શિક્ષકો પણ બની શકે છે.




## વ્યક્તિગત નિપુણતા

- તમે એક કુશળ સંવાદકર્તા છો
- અન્ય વ્યક્તિઓને શીખવવાનું તમને ગમે છે
- તમને બાળકો સાથે કામ કરવાનું ગમે છે
- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૧,૦૮,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. પસંદગીના કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને પછી B.Ed.ની ડિગ્રી મેળવો.

**અથવા**

પસંદગીના કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો, તે વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો અને પછી B.Ed. કરો.

**અથવા** પસંદગીના કોઈપણ વિષયમાં ૪ વર્ષનો ઈન્ટિગ્રેટેડ કોર્સ (B.A. B.Ed.).

**અથવા**

શાળાઓમાં નોકરી માટે તમારે સીટેટ (સેન્ટ્રલ ટીચર એલિજિબિલિટી ટેસ્ટ) અથવા TAT (ટીચર એલિજિબિલિટી ટેસ્ટ) TAT (ટીચર એપ્ટિટ્યૂડ ટેસ્ટ) જેવી શિક્ષક યોગ્યતા કસોટી પાસ કરવી પડશે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક શિક્ષકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૮,૦૦૦ થી ૪૨,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોતઃ https://bit.ly/3GcZXwg

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** શિક્ષક, સરકારી કે ખાનગી શાળાઓમાં તેમજ વિશેષ જરૂરિયાતવાળી શાળાઓમાં ફરજ બજાવી શકે છે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારું પોતાનું કોચિંગ સેન્ટર પણ શરૂ કરી શકો છો અને ત્યાં વિદ્યાર્થીઓને ભણાવી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે પ્રાથમિક, મધ્યમ કે ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષક છો તે બાબત પર તમારા કામના કલાકો નિર્ભર રહેશે. તમારે શાળાના સમય મુજબ કામગીરી બજાવવી પડશે. પરીક્ષા દરમિયાન ઓવરટાઈમ લાગુ થઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

પૂર્વ પ્રાથમિક શાળા શિક્ષક → પ્રાથમિક શાળા શિક્ષક → માધ્યમિક શાળા શિક્ષક → ઉચ્ચ માધ્યમિક શાળા શિક્ષક (શિક્ષક તરીકે વિભાગોમાં પ્રગતિ) **અથવા** શિક્ષક → પેટા વિભાગના વડા → વિભાગના વડા → સુપરવાઈઝર → શાળાના આચાર્ય (શૈક્ષણિક વહીવટને લગતી કામગીરી માટે અનુસ્નાતકની ડિગ્રી જરૂરી છે) **અથવા** શિક્ષક → પેટા વિભાગના વડા → વિભાગના વડા → સુપરવાઈઝર → શાળાના આચાર્ય (શૈક્ષણિક વહીવટને લગતી કામગીરી માટે અનુસ્નાતકની ડિગ્રી જરૂરી છે)

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ શિક્ષણ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સિરકારી સંસ્થાઓ**

૧. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી, ઉત્તર પ્રદેશ
૨. દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી
૩. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, પૂણે, મહારાષ્ટ્ર
૪. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ, ઉત્તર પ્રદેશ
૫. ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી, હૈદરાબાદ, તેલંગણા
૬. અન્નામલાઈ યુનિવર્સિટી, તમિલનાડુ
૭. જામિયા મિલિયા ઇસ્લામિયા, નવી દિલ્હી
૮. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા, ગુજરાત

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો અને NCTE સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ઇન્ટિગ્રલ યુનિવર્સિટી, લખનૌ, ઉત્તર પ્રદેશ
૨. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરુ, કર્ણાટક
૩. એસ.આર.એમ. યુનિવર્સિટી, ચેન્નાઈ, તમિલનાડુ
૪. એમિટી યુનિવર્સિટી, નોઈડા, ઉત્તર પ્રદેશ
૫. લોરેટો કોલેજ, કોલકાતા, પશ્ચિમ બંગાળ
૬. માનવ રચના યુનિવર્સિટી, હરિયાણા
૭. શારદા યુનિવર્સિટી, ગ્રેટર નોઈડા, ઉત્તર પ્રદેશ
૮. જયપુર નેશનલ યુનિવર્સિટી, જયપુર, રાજસ્થાન

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

*NPTEL સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/nos19_ed01/preview

- ભારતીય કૌશલ્ય વિકાસ તાલીમ સંસ્થા - https://iisdt.in/category/skill-development-courses

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ટીચર, મીડલ સ્કૂલ ટીચર, હાઈસ્કૂલ ટીચર, , પ્રાયમરી ટીચર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ઓફિસર્સ હિલ**, કોહિમા, નાગાલેન્ડમાં આવેલી સરકારી મિડલ સ્કૂલ (જી.એમ.એસ.)ના મુખ્ય શિક્ષક મિમી યોશુને નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તરફથી શિક્ષકો માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર, ૨૦૨૨ મળ્યો. તે કિગવેમા ગામમાંથી આવે છે અને કોહિમા સાયન્સ કોલેજ, જોત્સોમાના સ્નાતક છે. તેમણે અનુક્રમે ૨૦૦૯માં બી.એડ. અને ૨૦૧૩માં શિક્ષણમાં ડિપ્લોમા પૂર્ણ કર્યો. ૧૮ વર્ષની કારકિર્દી સાથે, વર્તમાનમાં તેઓ સમાજમાં વહીવટી બાબતોની દેખરેખ રાખવાની સાથે સાથે ધોરણ ૫ અને ૬ના વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષય પણ શીખવે છે. તે દ્રઢપણે માને છે કે શાળાના બાળકોને જીવન કૌશલ્ય શિક્ષણ આપવું જોઈએ. તે સુનિશ્ચિત કરે છે કે શાળામાં બાળકોને જૈવ વિઘટીત અને અવિઘટીત એમ બંને પ્રકારના ઉત્પાદનો બનાવવાનું શીખવવામાં આવે. બાળકો અને તેની શાળાની જરૂરિયાતોને પહોંચી વળવાના એકમાત્ર ઉદ્દેશ્ય સાથે તેઓ તેમના સાથીદારો, માતા-પિતા, વાલીઓ, વિદ્યાર્થીઓ અને શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.)ની મદદથી ભંડોળ ઊભું કરવાની પ્રવૃત્તિઓ પણ શરૂ કરી હતી, જેમાં પહેલા જે ઓરડાઓ હતા તે કાચા હતા જે હવે ૯ પાકાં વર્ગખંડો બની ગયા છે.*

સ્રોત: https://www.morungexpress.com/building-classrooms-imparting-life-skills

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.